"સુંદર" શીવ સ્તુતી.

લેખક—સુંદર

છપાવી પ્રસિદ્ધ કરનાર,
ગોપાળશંકર વેણીશંકર ભચેચ.
મુ—અમદાવાદ.

આવૃતી ૧ લી પ્રત ૧૦૦૦
સં. ૧૯૭૧ સને ૧૯[illegible]

અમદાવાદ.
શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં
શા. સાંકળચંદ હરીલાલે છાપી.

કી. અમુલ્ય શિવ કૃપા. (ફ્રી)

શ્રી "સુંદર" શીવ સ્તુતી.

લેખક-સુંદર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ગોપાળશંકર વેણીશંકર ભચેચ.

મુ.-અમદાવાદ.

આવૃત્તી ૧ લી પ્રત ૧૦૦


સં. ૧૯૭૧ સને ૧૯૧૪

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં

શા. સાંકળચંદ હરીલાલે છાપી.

કીં. અમુલ્ય શિવ કૃપા. (ફ્રી)



પ્રસ્તાવના.

આ શ્રી "સુંદર" શીવસ્તુતી મને મારા પિતાશ્રીના અન્ય વારસા સાથે પ્રાપ્ત થયેલી છે. વડનગરા નાગરોને, વડનગર છોડવું પડયું ત્યાર પછી, કેટલાક ગુજરાત, કાઠીઆવાડમાં જઈ વસ્યા, ને કેટલાકે ડુંગરપુર પોતાનું નિવાસ સ્થાન કર્યું. ભાગ્યદેવીની અવકૃપાને લીધે, ડુંગરપુરમાં જઇ વસેલા નાગરોને, ડુંગરપુર પણ છોડવાનો વખત આવ્યો. આ ડુંગરપુર છોડનારાઓમાંના કેટલાકે, કાશી મથુરાં એ તરફ પ્રયાણ કર્યું, અને કેટલાક કપડવંજ તથા

અમદાવાદ આવી વસ્યા. આ તરફ વ-ડનગરા અને ડુંગરપુરા તરીકે ઓળખાતા નાગરો કાશી મથુરાં તરફ, અનુક્રમે સીપાઇ નાગર અને વડનગર સાથ એ રીતે ઓળખાય છે, અને એ તરફ દરેકને પોતાના બ્રાહ્મણો છે. મારા દાદા માનશંકર ડુંગરપુર છોડયા પછી કાશી પુરીમાં ઘર કરીને રહ્યા, અને ત્યાં મારા પિતા વેણીશંકરનો જન્મ થયો. સગાં વહાલાં આ તરફ હોવાથી, એઓ મને બાલ્યવયમાં અમદાવાદ લાવ્યા. એમને ઉપરના નામની સ્તુતી, કાશીપુરીમાં પ્રાપ્ત થઇ હોવી જોઇએ. તેના કર્તા વિષેની પુરી હકીકત, તથા તેનું પુરૂં નામ શું છે, તે મારા જાણવામાં નથી.

માત્ર સ્તુતીને અંતે "સુંદર" એવું નામ આવે છે, જેથી એ નામનો કોઈ કર્તા હોવો જોઇએ, એમ મારૂં ધારવું છે. ગુજરાત કાઠીઆવાડ કે જ્યાં નાગરોનો સારો જમાવ છે, ત્યાં નોકરીને અંગે મેં પર્યટણ કર્યું છે, પણ કોઈને આ સ્તુતી કરતાં મેં સાંભળ્યા નથી. જેથી આ તરફ એ પ્રચલિત હોય એમ મને લાગતું નથી.

જે લોકોના સાંભળ્યામાં આ સ્તુતી આવી છે, તે લોકોનું મન એના તરફ આકર્ષાયું છે, અને એની નકલોની માંગણી કરી છે. મારા ઘરમાં એ હાથે લખેલી હોવાથી, શીવ સંપ્રદાયીના લાભાર્થે, મેં એને છપાવવી યોગ્ય ધારી છે.

જે શીવભકતોની આ "સુંદર" શીવ સ્તુતી મેળવવાની ઇચ્છા હશે, તેમને નીચેને શરણામેથી લઇ જવા વિનંતી છે. બહારગામથી મંગાવનારે પોસ્ટેજનો અડધો આનો મોકલવા કૃપા કરવી. એજ લી.

રાયપુર. નાગરભગતની પોળ અમદાવાદ.	ગોપાળશંકરવેણીશંકર ભચેચ.

શ્રી "સુંદર" શીવ સ્તુતી પ્રારંભ.

નથી મંત્ર વિદ્યા ન તો ભક્તિ ચિત્તે,
ન બુદ્ધી ક્રિયા પુજવા શક્તિ ત્વત્તે. ૧
ધરી ધ્યાનને કિર્તી ભાખું ભજીને,
સ્તુતીથી રિઝાવું શ્રી મહાદેવજીને. ૨
ન કો નંદીના નાથનો જન્મ જાણે,
કહો શું સ્મરીને હૃદે ધ્યાન આણે, ૩
અનાદી સ્વરૂપે ક્રિયા ગૂઢ તેની,
રહી સ્વર્ગ પાતાળમાં કિર્તી જેની. ૪
વળી સ્થાવર જંગમે કીટ પક્ષી,
પશુ દેવ માનુષ્ય ગંધર્વ યક્ષી. ૫
પ્રજાના પતી વિશ્નુ ઇંદ્રાદી દેવ,
અહો રાત ચર્ચા કરે પાદશેવ. ૬
ન તોયે લહે ઇશનું દેવ તત્વ,
ભજે દેવ ચેતા ધરીને મમત્વ. ૭

અહો રૂપતે માનુષે કયમ ભાખે,
કહ્યાથી સુધાનો રસ સ્વાદ ચાખે. ૮
ધર્યું રૂપ આશુંદ કલ્યાણકારી,
થયા વિશ્વમાટે પ્રભુ દેહધારી. ૯
મહા રૂદ્ર વિખ્યાત નામે કહાવે,
ભજે દુઃખ દારિદ્ર પાસે ન આવે. ૧૦
કરે સર્વદા વાસ કૈલાશ શૃંગે,
લસે દેહની કાંતી કર્પુર રંગે. ૧૧
પ્રિયા પાર્વતી વામ અંગે બિરાજે,
શિરે જાન્હવી ઘોષ ગંભીર ગાજે. ૧૨
જટા દિર્ઘ સોહે, મણી ચિત્ત મોહે,
પુરંદ્રી તણા કેશનું માન ખોયે. ૧૩
ધરે સર્પના વૃંદ આભુષણો જે,
ન ચિંતા મને લોકના દૂષણો છે. ૧૪
વિષે કંઠમાં તાપ અત્યંત માટે,

ધર્યો છે નિશાનાથ પોતે લલાટે. ૧૫
વળી વક્ર પાંચે ભવ કલેશ હરતા,
સદા ભક્તની કામના પુર્ણ કરતા. ૧૬
લસે નેત્ર ત્રણે મહા રક્ત વર્ણે,
કરે કોપની દ્રષ્ટી તો જાય મર્ણે. ૧૭
ગળે અસ્થીના મુંડની રૂંડમાળા,
ત્રિશુળે થકી નીકળે અગ્ની જ્વાળા. ૧૮
વિભૂતે ભરી દેહ આકાશ વસ્ત્રો,
ફરે નગ્ન થઇને ધરી દિવ્ય અસ્ત્રો. ૧૯
જમે ખોપરીમાં અતી પ્રેમભાવે,
દયા સિંધુ માટે કપાળી કહાવે. ૨૦
કિધો વાહન ધેનુનો પુત્રનાથે,
ધરીને દયા ફેરવે હાથ માથે. ૨૧
ગણુ શ્રેષ્ટ નંદી અને ભૃંગી આદે,
ઉભા દાસ થઈ બોલતા દીન સાદે. ૨૨

વળી ભૈરવાદી ઘણા ભૂત ટોળે,
સ્મશાને ચિતા ભસ્મ અત્યંત ચોળે.૨૩
વદે વાક્ય જે જે કપાળી પુરારી,
ધરી આયુધો દોડતા પ્રાણહારી. ૨૪
રહે રાગ ને રાગણી દાસ થઇને,
કરે ગાન ઉંચે સ્વરે વેણુ લઇને. ૨૫
સુરી અપ્સરા ફીર રંગીન નાચે,
કરે નૃત્ય ગંધર્વને ભક્તી રાચે. ૨૬
મૃદંગાદી તાલે ઝણુકાર થાએ,
સભા ઇંદ્રનીનું ખરૂં માન જાયે. ૨૭
અને દેવતા ક્રોડ તેત્રીસ સર્વે,
નમીને ઉભા થઈ રહ્યા મુક્ત ગર્વે. ૨૮
સ્તવે વિશ્નુ બ્રહ્મા નમી હાથ જોડે,
ત્વરાએ કરી શંભુને ચર્ણ દોડે. ૨૯
કૃપાને કટાક્ષે હૃદે ભક્તી જાણી,

જુએ સર્વ શંભુ પ્રભુ શુલ પાણી. ૩૦
સહુની વિચારી સદા આશ પુરે,
ધરી ધ્યાન તેનું ઉભા છે હજુરે. ૩૧
મહા મોહ પામે સહુ નેત્રવેથી,
ઘણું નેત્રમાં પ્રેમ છે તાંડવેથી. ૩૨
સજી સાજ પ્રત્યક્ષ સંગીત સાજે,
કરે ગાન નાના વિધે રંગ રાચે. ૩૩
મુખે તત્વ તાતા થઇ તાને,
કરે અનંતકાર ભાવ્યાનું માને. ૩૪
ભમે ભુમીના નાથ ભૂત પ્રબંધે,
કળા વિસ્તરે ગાનમાં ભેદ સંધે. ૩૫
વગાડે નમી તાળ શોભા વધારે,
કરે કેલી કલ્લોલ લીલા અપારે. ૩૬
સ્વયંભુતણું નૃત્ય ત્રૈલોક મોહે,
મુની દેવતા સર્વને ચિત્ત સોહે. ૩૭

ગુણી ગાન ગાંધર્વ ગાયે સુગીતે,
રચી પુર્ણ શોભા ઉમાનાથે પ્રીતે. ૩૮
સહુ દેવતા દેવ લોક સ્વભાવે,
તપસ્યા કરાવી ન કોને રટાવે. ૩૯
ફળે સદ્ય તત્કાળ થોડું ભજેથી,
દયા ચિત્ત આણે અવિદ્યા તજેથી. ૪૦
ચડાવે જળે અક્ષતે બીલ પત્રી,
કરે ભૂપ ત્રૈલોકનો એક છત્રી. ૪૧
નવે નીધ સંતાન સત્કીર્તી આપે,
હરે મુંઢતા શત્રુના શીશ કાપે. ૪૨
મને મોજ આવે ત્યાંહા ન વિસારે,
સદા ભક્તની કામનાને વધારે. ૪૩
ત્રુઠે તો ઘડીમાં કરે ભૂમીપાળ,
શિરે હાથ મુકયો થયો તે નિહાલ.૪૪
જુઓ ભૂપ ભસ્માસુરે દુઃખ દીધું,

તદા તેહુને જે ગમ્યું તેજ કીધું. ૪૫
વળી રાવણે જો તપસ્યા કરી તો,
લીધો દેવનો માલ ઇચ્છા ધરીતો. ૪૬
કરી ભક્તી બાણાસુરે જો લગાર,
થયો વીરને હાથ પામ્યો હજાર. ૪૭
નથી દાસને આપતે જાત જોતા,
કુંસંગી કુકર્મી તણા પાપ ધોતાં. ૪૮
દયાવાન એવા કહો કોણ દેવ,
રહે ચિત્ત આનંદમાં નિત્યમેવ. ૪૯
કહો શું સ્મરીને ગુણાખ્યાન ભાખું,
મહા રૂપતે ચિત્તમાં કયમ રાખું. ૫૦
તમે એક છો અદ્વીતીય સ્વરૂપે,
વસોછો મહી મંડળી તેજ ભૂપે, ૫૧
તમે લોકના નાથ કલ્યાણ કરતા,
તમે ભીમ રૂપી થઇ શ્રૃષ્ટી હરતા. ૫૨

જગતપાળ છો વીશ્વથી વેગળા છો,
ઉદ્દાસીન છો શુક્ષ્મ ઉતાવળા છો. ૫૩
દયાવાન છો વિશ્નુના વાહલા છો,
સખા સર્વના છો, ગુણી છો, ભલા છો.૫૪
સુખી નિસ્પૃહીછો, અતી સંગમી છો,
સુસંસાર ભોગી, ગ્રહસ્થાશ્રમી છો. ૫૫
તમે વેદના તત્વ છો શાસ્ત્રગામી,
વિલાસી તમેછો મદ ક્રોધ કામી, ૫૬
મદ ક્રોધને કામાત્રે કરીને,
કિધો કામને ભસ્મ કાયા હરીને. ૫૭
સતી નારીનું તતક્ષણુ વૈર લીધું,
ત્યાંહાં દક્ષના યજ્ઞમાં વિઘ્ન કીધું. ૫૮
હણ્યો દક્ષ પૂખા તણા દાંત તોડયા,
કરે શસ્ત્ર લઇને રણે ભૂત દોડયા. ૫૯
કરાળ સ્વરૂપ ન કોથી ખમાય,

કરે કોપતો ભસ્મ ત્રૈલોક થાય. ૬૦
પ્રતાપે ઘણા દૈત્યને દંડ દીધા,
પડયા શર્ણ જઇને તેને દાસ કીધા. ૬૧
કહું શું વખાણી ન કો પાર પામે,
તમો સ્હાય મારી કરો ઠામઠામે. ૬૨
હુતો ગર્ભમાં તે સમે શોધ લીધી,
કૃપા જન્મ પામ્યા પુંઠે પુર્ણ કીધી. ૬૩
શિશુની અવસ્થા વિષે દુધ આપ્યું;
પછી યૌવને દુઃખ નિર્મુળ કાપ્યું. ૬૪
શુણો તે વડાઇ તમારી કહૂં શું;
હૃદે અંધમાં ધ્યાન તે હૂં ધરૂં શું. ૬૫
ન પામે મુની પાર તે ઓચરૂં શું;
કહો શૈલજાના પતી આદરૂં શું. ૬૬
કરૂં ભક્તીતે વાત ચિત્તે ન સૂઝે;
મહા મોહની જાળમાં દાસ ઝુઝે. ૬૭

મદક્રોધથી કામનો બાણુ મારે;
પડયો એકલો કોણુ તેથી ઉગારે. ૬૮
મને એક મોટો ભરોસો તમારો;
પ્રભૂ વીનતી દાસની ચિત્ત ધારો. ૬૯
વિસારી મુકો તો રસાતાળ જાઉં;
દરિદ્રી દુખી સૃષ્ટીમાં નીચ થાઉં. ૭૦
કૃપા જો કરો તો રૂડી થાય નિષ્ઠા;
જડે લોકમાં સિદ્ધી કિર્તી પ્રતીષ્ઠા. ૭૧
રૂડા સૌ કહી ઇષ્ટ સર્વે વખાણે;
મહીપાળ મોટા ઘણું હેત આણે. ૭૨
મહા કષ્ટ શંભુ વિના કોણુ ટાળે,
બિજો કોણુ જે ભક્તના લાડ પાળે.૭૩
કરૂં વાંક જોતો હ્રદય એક ન આણે,
સ્વભાવે ક્ષમા પ્રિય તત્કાળ જાણે. ૭૪
વિચારૂં મને હું, તમે તે કરોછો,

સદા હોંશ મારી, સુદ્રષ્ટે ભરોછો. ૭૫
ખરો ક્રુર તારૂં નહીં ધ્યાન ધરતો;
અભાગી અને મુંઢને કીજે તરતો. ૭૬
તમારો કહાવી હવે કયમ ત્યાગું,
કહો કોણ પાસે જઇ સિદ્ધી માંગું. ૭૭
તમારા પદાંબુજથી ચિત્ત લાગ્યું,
તદા દુઃખ સંસારનું સર્વ ભાગ્યું. ૭૮
નથી કોઇ બીજો હું થકી દુષ્ટ પાપી,
તમે પાપ હરનાર છો સર્વ વ્યાપી. ૭૯
વિચારી મુને જે ઘટે તેજ કીજે,
હવે તો નિરાધારની શોધ લીજે. ૮૦
ભિખારી ઘણાને તમો એક દાતા,
પડે ભીડ તત્કાળ પ્રત્યક્ષ ધાતા. ૮૧
નથી ખોટ કાંઇએ તમારે ખજાને,
પ્રસન્ને દયા કીજીએ દ્રષ્ટી દાન્ને. ૮૨
કહું ત સુણો ચિત્ત આણી બિલાસે.

ફરીને ન આવું હુવાં ગર્ભ વાસે. ૮૩
ઘણું તો નથી માંગતો ભક્તી આપો,
સુદ્રષ્ટી કરી કર્મનાં બંધ કાપો. ૮૪
શિવ સ્તોત્ર બુદ્ધી પ્રમાણે કહ્યું છે,
સુધા નારના સ્વાદથી એ ભર્યું છે. ૮૫
મતી સ્વલ્પ ભાષા વિષે ઓચર્યું છે,
ભુજંગે પ્રયાસે કરી વિસ્તર્યું છે. ૮૬
નર સ્ત્રી ભણે પ્રેમ આણી પ્રભાતે,
જડે કિર્તી સંતાન સન્માન સાથે. ૮૭
અશક્ય વિખ્યાતણી વ્રષ્ટી થાયે,
પછી અંતે તે શંભુને ચર્ણ જાયે. ૮૮
ઘણું જાણજો જે કહું તેજ થોડું,
ઉમાનાથને નમ્ર થૈ હાથ જોડું. ૮૯
મુને લાલસા એજ મોટી રહે છે,
સ્તુતી સુંદર શીશ નામી કહે છે. ૯૦

શ્રી"સુંદર"શીવસ્તુતી સમાપ્ત.